ગુજરાતમાં હજુ ગરમીનો પ્રકોપ યથાવત

# આગામી સપ્તાહથી વરસાદી માહોલ જામશે

**3 અને** 4 જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસું હજુ સંપૂર્ણ રીતે સક્રિય બન્યું નથી, જેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. અમદાવાદ સહિત અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40થી 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી 3થી 4 દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઉત્તર ગુજરાત સહિત રાજ્યના વધુ વિસ્તારોમાં આગળ વધવાની અનુકૂળ પરિસ્થિતિ હોવાનું જણાવ્યું છે. 2 જુલાઈથી વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે, જ્યારે 3 અને 4 જુલાઈએ દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જુલાઈની શરૂઆત થતાં જ રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદનું જોર વધશે. ખાસ કરીને 2 થી 4 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવારે રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમીનો માહોલ યથાવત રહ્યો હતો.

અમદાવાદ માટેની આગાહીમાં આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને મહત્તમ તાપમાન આશરે 40 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ શનિવારે સાંજે 6 વાગ્યા સુધીમાં સાબરકાંઠાના પોશીના તાલુકામાં માત્ર નજીવો વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, કચ્છ, મહીસાગર, રાજકોટ, સુરેન્દ્રનગર તેમજ બનાસકાંઠાના વાવ-થરાદ સહિત કુલ 10 તાલુકાઓમાં માત્ર 1થી 12 મીમી જેટલો હળવો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં નોંધાયા હતા. રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. ઉત્તર ગુજરાતમાં તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું રહ્યું, જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાયું હતું.

### આગામી સપ્તાહમાં વરસાદની આગાહી

**28 જૂન:** ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિત દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

**29 અને 30 જૂન:** મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ તેમજ અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

**1 જુલાઈ:** દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની સંભાવના છે. ઉપરાંત આનંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદ જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે.

**2 જુલાઈ:** દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી સાથે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન, ગાજવીજ અને વીજળી સાથે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**3 અને 4 જુલાઈ:** સમગ્ર ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### જુદાં જુદાં શહેરોનું તાપમાન

| શહેર | તાપમાન |
|---|---|
| અમદાવાદ | 41ડિગ્રી |
| વિદ્યાનગર | 41 ડિગ્રી |
| અમરેલી | 40 ડિગ્રી |
| રાજકોટ | 40 ડિગ્રી |
| સુરેન્દ્રનગર | 40 ડિગ્રી |
| ડીસા | 40 ડિગ્રી |
| ગાંધીનગર | 40 ડિગ્રી |
| ભૂજ | 37 ડિગ્રી |
| ભાવનગર | 37 ડિગ્રી |
| કેશોદ | 37 ડિગ્રી |
| નલિયા | 36 ડિગ્રી |
| મહુવા | 36 ડિગ્રી |
| સુરત | 35 ડિગ્રી |
| પોરબંદર | 35 ડિગ્રી |
| દમણ | 34 ડિગ્રી |

# શ્રી રામ મંદિરના ભંડારમાંથી ચોરીના કેસમાં છેવટે ભીનું સંકેલી લેવામાં આવ્યું છે



અયોધ્યામાં રામ મંદિરના ભંડારમાંથી અબજો રૂપિયાની ચોરીનાં પ્રકરણમાં છેવટે ભીનું સંકેલી લેવામાં આવ્યું છે, ચોરી માટે ગુનેગાર મોટાં માથાંઓને છોડી દેવામાં આવ્યાં છે અને તેમના આદેશ પર ચોરી કરતા નાના કર્મચારીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નિર્દેશ પર બનેલી SIT એ તો પોતાના રિપોર્ટમાં કુલ ૧૬ માણસો પર FIR કરવાની ભલામણ કરી હતી, પણ દિલ્હી દરબાર અને આરએસએસના આદેશ મુજબ તેમાંના ૮ પર જ FIR કરવામાં આવી છે. કહેવાય છે કે યોગી આદિત્યનાથ તમામ ગુનેગારોને જેલમાં મોકલવા આતુર હતા, પણ તેમણે દિલ્હી દરબારનો અને નાગપુરનો આદેશ માથે ચડાવવો પડ્યો છે. જો યોગી આદિત્યનાથ તેમની મરજી મુજબ વર્તે તો તેમને મુખ્ય મંત્રીના પદેથી દૂર કરવાની તૈયારી પણ થઈ ગઈ હોવાનું કહેવાય છે. રામ મંદિરમાંથી આટલી મોટી ચોરી થઈ તો પણ તે બાબતમાં આરએસએસથી માંડીને બજરંગ દળના કે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ જાહેરમાં એક હરફ પણ કાઢવા તૈયાર નથી; કારણ કે ચોરી કરનારા તેમના પરિવારના છે.

એફઆઈઆર દાખલ થયા બાદ મંદિરમાં મળેલા દાનની કથિત ઉચાપતની તપાસ તેજ થઈ ગઈ છે ત્યારે આ ઘટનાક્રમ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશ સરકારના નિર્દેશ પર, ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની વિવિધ કલમો - ૩૦૬, ૩૧૬(૫), ૩૧૭ (૪), ૩૧૭ (૫), ૬૧ અને ૩ (૫) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. એફઆઈઆરમાં અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, અવિનાશ શુક્લા, ટીનુ યાદવ, મનીષ યાદવ વગેરે આઠ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

ટુંઘ પોઇન્ટ ■ સંજય વોરા

દાનપેટીમાંથી અબજો રૂપિયાની તફડંચી કરવામાં આવી તેના માટે જો કોઈ વ્યક્તિ સૌથી મોટો ગુનેગાર હોય તો તે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય છે, જેમની પાસે ચોરીની અનેક વાર ફરિયાદ કરવા છતાં તેમણે કોઈ પગલાં લીધાં નહોતાં; કારણ કે ચોરી કરનારાઓ તેમના જ આશ્રિત હતા. આ ચોરીના બીજા મોટા જવાબદાર અનિલ મિશ્રા હતા, જેઓ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. આ બંને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાને બદલે હળવી સજા કરવામાં આવી છે અને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી છે.

રામ મંદિર ચળવળમાં જોડાતા પહેલાં ચંપત રાય બિજનોરની SRM ડિગ્રી કોલેજમાં રસાયણશાસ્ત્રના શિક્ષક હતા. કટોકટી દરમિયાન તેમની ધરપકડ પણ થઈ હતી. RSS સાથેના જોડાણને કારણે તેમણે લગભગ ૧૮ મહિના જેલમાં વિતાવ્યા હતા. મુક્ત થયા પછી તેઓ શિક્ષણમાં પાછા ફર્યા નહીં અને સામાજિક અને તેમણે ધાર્મિક કાર્યમાં પોતાનું જીવન સમર્પિત કર્યું. ૧૯૮૦ માં તેઓ ઔપચારિક રીતે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) માં જોડાયા. સંગઠનમાં તેઓ સચિવથી આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખ સુધી પહોંચ્યા. ચંપત રાય ૧૯૮૦ ના દાયકાથી રામ મંદિર ચળવળમાં સક્રિય વ્યક્તિ છે. તેમના નજીકના સાથીઓ અને સમર્થકો માને છે કે અયોધ્યાના ઇતિહાસ, પરંપરાઓ અને શેરીઓનું તેમના જેટલું ઊંડું જ્ઞાન કોઈને નથી. આ કારણોસર ઘણા લોકો તેમને અયોધ્યામાં રામ લલ્લાના રેકોર્ડ કીપર પણ કહે છે. રામ મંદિર ચળવળમાં જોડાયા પછી ચંપત રાયે પોતાનું આખું જીવન રામ મંદિર ચળવળ સંબંધિત પ્રવૃત્તિઓમાં સમર્પિત કર્યું છે. અયોધ્યાના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જ્યારે ૨૦૨૦માં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરવામાં આવી ત્યારે ચંપત રાયને તેના મહાસચિવ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના વરિષ્ઠ નેતા ચંપત રાય રામ મંદિર ચળવળ અને તેના નિર્માણમાં એક મુખ્ય વ્યક્તિ રહ્યા છે. ટ્રસ્ટના મહાસચિવ તરીકે તેઓ મુખ્યત્વે મંદિરના વહીવટી માળખા, નાણાંકીય બાબતો, જમીનના સોદા અને દૈનિક વ્યવસ્થાપન માટે જવાબદાર હતા. મંદિરના દાન પેટીઓમાંથી કરોડો રૂપિયાના દાન અને કિંમતી ચાંદીની વસ્તુઓના સત્તાવાર રેકોર્ડ ન રાખવાના આરોપો બાદ તેઓ તપાસના ઘેરામાં આવ્યા હતા. SIT તપાસમાં જાણવા મળ્યું કે ચંપત રાયનો નજીકનો સાથી અને ડ્રાઇવર, રામાશંકર યાદવ, ઉર્ફે ટીનુ યાદવ ચોરીના નેટવર્કમાં મુખ્ય ખેલાડી હતો. અયોધ્યાના એક વરિષ્ઠ ચિકિત્સક અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે સંકળાયેલા ડૉ. અનિલ મિશ્રા ટ્રસ્ટના સ્થાપક સભ્યોમાંના એક હતા, જેમને મંદિરના પ્રસાદ, રોકડ ગણતરી અને બેંકિંગ વ્યવસ્થાની સીધી દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

SIT તપાસમાં જાણવા મળ્યું કે ડૉ. અનિલ મિશ્રા ચોરી સાથે જોડાયેલા રોકડ ગણતરી હોલ અને ત્યાં તૈનાત ખાનગી કર્મચારીઓની દેખરેખ માટે જવાબદાર હતા. એજન્સીઓએ રોકડ ગણતરી પ્રક્રિયા અને ધરપકડ કરાયેલા કર્મચારીઓ સાથેના તેમના સંબંધો વિશે લગભગ ચાર કલાક સુધી તેમની પૂછપરછ કરી હતી. વધુમાં રામ મંદિર બાંધકામ સંબંધિત કેટલાક જૂના જમીન સોદાઓમાં સાક્ષી તરીકે તેમની હાજરી અંગે પણ ચર્ચાઓ ફરી શરૂ થઈ છે. SIT એ ડૉ. અનિલ મિશ્રા અને ચંપત રાયને ક્લીનચીટ આપી નથી, પરંતુ તેમનાં નામ સીધા આરોપી તરીકે પણ આપવામાં આવ્યાં નથી. તેમનાં રાજીનામાંને તપાસ નિષ્પક્ષ રહે અને શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટની પ્રતિષ્ઠા અકબંધ રહે તે સુનિશ્ચિત કરવાના એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) એ ટ્રસ્ટના નાણાંકીય રેકોર્ડ અને ખર્ચની વિગતો પણ માંગી હતી, જેના પગલે SIT એ વહીવટી પ્રક્રિયાઓ અને નાણાંકીય દેખરેખ અંગે ચંપત રાયની ઘણી વખત પૂછપરછ કરી હતી. ચંપત રાયે સતત ટ્રસ્ટના ઓડિટને પારદર્શક ગણાવ્યું હતું. SIT ના પ્રારંભિક અહેવાલ અને નોંધાયેલી FIR ના આધારે અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ચંપત રાયના ડ્રાઇવર ટીનુ યાદવ, રોકડ ગણતરીના પ્રભારી અનુકલ્પ મિશ્રા અને રોકડ ગણતરી કરનારા ઘણા ખાનગી કર્મચારીઓનો સમાવેશ થાય છે. મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પછી ધરપકડ કરાયેલા કેટલાક કર્મચારીઓની નાણાંકીય સ્થિતિ અને બેંક ખાતાંમાં અચાનક શંકાસ્પદ વધારો જોવા મળ્યો હતો, જેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. SIT ના આંતરિક અહેવાલમાં તપાસ હેઠળના ૧૬ લોકોની યાદીમાં ચંપત રાય અને ડૉ. અનિલ મિશ્રાનાં નામો પણ સામેલ હતાં, જેના કારણે બંનેએ ભારે રાજકીય દબાણનો સામનો કર્યા બાદ રાજીનામું આપવાનું યોગ્ય માન્યું હતું.

આ કેસ પ્રકાશમાં આવ્યા બાદથી ચંપત રાય વિપક્ષના નિશાના પર છે. AAP સાંસદ સંજય સિંહે પ્રશ્ન કર્યો કે પાર્ટી હજુ પણ મોટા લૂંટારાઓને કેમ બચાવી રહી છે. બાંધકામના પ્રોજેક્ટો, જમીનની ખરીદી અને દાનમાંથી ભંડોળની ઉચાપત કરનારા ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ ક્યારે જેલમાં જશે? સમાજવાદી પાર્ટીએ રામ મંદિરના દાન અને કથિત અનિયમિતતાઓ અંગે ટ્રસ્ટ પર ગંભીર આરોપો લગાવ્યા છે. પાર્ટીનો દાવો છે કે ચંપત રાય અને અનિલ મિશ્રાનાં રાજીનામાં દબાણને કારણે થયાં હતાં. એસપીએ દાવો કર્યો હતો કે ૨૭ એપ્રિલથી ૫ જૂન સુધીના સીસીટીવી ફૂટેજની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીના ઓડિટમાં પણ અનિયમિતતાઓ બહાર આવી હતી. સમાજવાદી પાર્ટીએ મેનેજમેન્ટ રેકોર્ડ ઓફર કરવામાં અનિયમિતતા, ૪૨ દિવસમાં કથિત ચોરી અને ઉચાપતના ૭૦ કિસ્સાઓ અને તપાસ પર દેખરેખ રાખવામાં ખામી હોવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ પ્રશ્ન કર્યો હતો કે SIT ની રચના થાય તે પહેલાં રાજીનામાં શા માટે સ્વીકારવામાં આવ્યા ન હતા. સમાજવાદી પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે સમગ્ર મામલામાં પુરાવા છે. આરએસએસ અને ભાજપે પોતાની આબરૂ બચાવવા ચંપત રાય અને અનિલ મિશ્રા જેવા મોટા ગુનેગારોને ભલે છોડી દીધા, પણ રામ મંદિરમાં ચોરીનો ભાંડો ફૂટવાને કારણે દેશના કરોડો હિન્દુઓમાં સંઘપરિવાર અને ભાજપની છબી ખરડાઈ છે. અત્યાર સુધી તેમના વિરોધીઓ આક્ષેપો કરતા હતા કે તેમને હિન્દુત્વમાં રસ નથી પણ પોતાનાં ગજવાં ભરવામાં રસ છે; તે આક્ષેપો હવે સાચા પુરવાર થઈ રહ્યા છે. દેશના કરોડો રામભક્ત હિન્દુઓ પાસે મંદિરનો ભંડાર કથિત રામસેવકો દ્વારા લૂંટાયા પછી પણ ભજવાઈ રહેલો તમાશો જોવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**શ્રી રામ મંદિરમાંથી આટલી મોટી ચોરી થઈ તો પણ તે બાબતમાં આરએસએસથી માંડીને બજરંગ દળના કે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ જાહેરમાં એક હરફ પણ કાઢવા તૈયાર નથી**

# અમદાવાદની સ્કૂલમાં 5 વર્ષની બાળકી સાથે અડપલાં કરાયા

**ગ્રામ્ય** વિસ્તારમાં આવેલી શાળાના સફાઇ કામદારની ધરપકડ

અમદાવાદ : અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી એક ઈન્ટરનેશનલ સ્કૂલમાં પાંચ વર્ષની વિદ્યાર્થિની સાથે શાળામાં હાઉસકીપિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતા 54 વર્ષીય સફાઈ કામદારે બાળકી સાથે અડપલાં કર્યા હોવાની ઘટના બહાર આવતા વાલીની ફરિયાદના આધારે બોપલ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી એક ઈન્ટરનેશનલ સ્કૂલમાં પાંચ વર્ષની વિદ્યાર્થિની સાથે શાળામાં હાઉસકીપિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારએ બાળકી સાથે અડપલાં કરી, આ ઘટનાની જાણ કોઈને ન કરવા માટે બાળકીને ધમકી પણ આપી હોવાની ફરિયાદ પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે તપાસ કરી સફાઈ કામદાર પશા નનુની ધરપકડ કરી હતી. આરોપી મૂળ પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ડેદર ગામનો વતની છે અને હાલ સરખેજના સનાથલ ટોલ પ્લાઝા નજીક આવેલા મનમોહનનગર વિસ્તારમાં રહેતો હતો.

વાલીની ફરિયાદના આધારે બોપલ પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. સઘન તપાસ બાદ પોલીસે આરોપી પશા નાનુની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં એક જ દિવસમાં ત્રણ સિંહબાળનાં મોતથી ખળભળાટ

**એક** હત્યાની આશંકા વચ્ચે વન વિભાગની તપાસનો ધમધમાટ શરૂ

**મોડા** પહોંચેલા RFOએ ઘટના છુપાવવાની કોશિશ કરી હોવાનો આક્ષેપ

ગાંધીનગર : અમરેલી જિલ્લામાં માત્ર 24 કલાકમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ ત્રણ સિંહબાળના મોતની ઘટના સામે આવતા વનવિભાગ હરકતમાં આવ્યું છે. એક ઘટનામાં હત્યાની આશંકા વ્યક્ત થઈ રહી છે, જ્યારે અન્ય બે કેસમાં અલગ-અલગ કારણોની તપાસ ચાલી રહી છે. બીજી તરફ થોડા દિવસ પહેલાં જૂનાગઢમાં શંકાસ્પદ સંજોગોમાં સિંહબાળના મોતના કેસમાં વન વિભાગે એક આરોપીની ધરપકડ કરતાં સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે.

અમરેલી જિલ્લાના દલખાણીયા રેન્જ હેઠળ આવેલા દલખાણીયા ગામના રેવન્યુ વિસ્તારમાં 6થી 7 મહિનાના સિંહબાળનો મૃતદેહ અત્યંત શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સિંહબાળની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. એવી પણ શંકા છે કે અજાણ્યા શખ્સોએ સિંહબાળને મારીને તેનો મૃતદેહ ખુલ્લા રેવન્યુ વિસ્તારમાં ફેંકી દીધો હતો.

વન વિભાગે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે જરૂરી સેમ્પલ એકત્ર કર્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. આ ઘટનાને લઈને વન વિભાગે તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં સ્થાનિક વન અધિકારીઓની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. ઘટનાસ્થળે રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) મોડા પહોંચ્યા હોવાના આક્ષેપો થયા છે.

## BUSINESS મિત્ર

પીઢ રોકાણકાર જેરેમી ગ્રાન્થમનો મોટો દાવો

# ક્રિપ્ટો કરન્સી મહત્વ ગુમાવી દેશે

**બિટકોઇનના** 'ખરાબ દિવસો' શરૂ: દિગ્ગજ રોકાણકારે ગણાવી નકામી સંપત્તિ

**કોઈ** વાસ્તવિક મૂલ્ય નથી, ધીમે-ધીમે ગાયબ થઈ જશે બિટકોઇન" - GMO સહ-સ્થાપકનો દાવો

**ક્રિપ્ટોનો** ઉપયોગ રોજિંદી ચુકવણી માટે કરતા નથી, પરંતુ તેનો ઉપયોગ મોટે ભાગે ખોટા કામ અને પૈસાની હેરાફેરી માટે થાય છે

નવી દિલ્હી, તા. 27: વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટો કરન્સી બિટકોઈનના ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. પીઢ રોકાણકાર અને જીએમઓના સહસ્થાપક જેરેમી ગ્રાન્થમે બિટકોઈનની આકરી ટીકા કરી છે અને નકામી સંપત્તિ ગણાવી છે. તેમનું માનવું છે કે આગામી સમયમાં તે પોતાનું મહત્વ સંપુર્ણપણે ગુમાવી દેશે.

જેરેમી ગ્રાન્થમે કહ્યું હતું કે, આગામી સમયમાં તે પોતાનું મહત્વ સંપુર્ણપણે ગુમાવી દેશે. તમને જણાવી દઈએ કે આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બિટકોઈનની કિંમત રૂ. 60000 ડોલરની માસિક સપાટીથી ઘટીને 59934 ડોલર થઈ ગઈ છે. આ મોટા ઘટાડાને કારણે ક્રિપ્ટો માર્કેટમાં ભયનો માહોલ સર્જાયો છે. જેરેમી ગ્રાન્થમે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે બિટકોઈનનું પોતાનું કોઈ વાસ્તવિક મૂલ્ય નથી. આ માત્ર એક અટકળો છે જે મોટા બુલ માર્કેટમાં પણ સારૂં પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે આગામી વર્ષોમાં, બિટકોઈનનું અસ્તિત્વ ધીમે ધીમે કોઈ ધડાકા વિના સંપૂર્ણપણે અદશ્ય થઈ જશે. ગ્રાન્થમના જણાવ્યા અનુસાર, લોકો તેનો ઉપયોગ રોજિંદા માલ માટે અથવા સુપરમાર્કેટમાં ચુકવણી માટે કરતા નથી, પરંતુ તેનો ઉપયોગ મોટે ભાગે ખોટા કામ અને પૈસાની હેરાફેરી માટે થાય છે.

કોઈન માર્કેટના ડેટા અનુસાર, બિટકોઈન 2.66 ટકા ઘટીને 59,934.04 ડોલર પર આવી ગયો છે. આ કારણે તેનું માર્કેટ કેપિટલાઈઝેશન પણ 2.75 ટકા ઘટીને 1.2 ટ્રિલિયન ડોલર થઈ ગયું છે. બિટકોઈન, તેમજ સમગ્ર ક્રિપ્ટો માર્કેટની માર્કેટ કેપ પણ મે પછીના સૌથી નીચલા સ્તરે 2.06 ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. બીજા ક્રમની સૌથી મોટી ક્રિપ્ટો, ઈથેરિયમમાં પણ 0.77% નો ઘટાડો જોવા મળ્યો છે.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, યુ.એસ.માં ફુગાવાના વધતા આંકડાને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજ દરો ઊંચા રાખશે તેવી આશંકા છે. વાઝિરએક્સના સ્થાપક નિશ્ચલ શેટ્ટીના જણાવ્યા અનુસાર, હવે ક્રિપ્ટોમાંથી પૈસા બહાર આવી રહ્યા છે અને હવે એઆઈ અને ટેક શેરોમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે. બિટકોઈન ઈટીએફમાંથી સતત આઉટફ્લો અને ઘટતા રોકાણોએ વેચાણનું દબાણ વધાર્યું છે, જેના કારણે સમગ્ર ક્રિપ્ટો માર્કેટ લાલ નિશાન પર જાય છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઈટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઈટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઈટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૨૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૧૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૮૮૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૩૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૨૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૧૪૦૦ |

# ગોલ્ડમેન સૅક્સે ભારતના વિકાસ દરનો અંદાજ વધારીને 6.8 ટકા કર્યો

**સસ્તું** ક્રૂડ ઓઇલ અને ઘટતો ફુગાવો બનશે દેશની આર્થિક વૃદ્ધિનું ચાલક બળ; પડકારો હજુ પણ યથાવત

મુંબઈ, તા. 27: વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સે ભારતીય અર્થતંત્ર માટે રાહતના સમાચાર આપ્યા છે. બેંકે વર્ષ ૨૦૨૬ માટે ભારતના વિકાસ દર (GDP)ના અંદાજમાં ૦.૩%નો વધારો કરીને તેને ૬.૮% કર્યો છે. અહેવાલ અનુસાર, મધ્ય પૂર્વમાં તણાવ ઘટ્યા બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ તૂટ્યા છે, જેનાથી ભારત પરનું આર્થિક દબાણ હળવું થયું છે અને આયાત બિલમાં મોટી બચત થઈ છે.

**ફુગાવામાં ઘટાડો:** ગોલ્ડમેન સૅક્સે ભારતમાં મોંઘવારીનો અંદાજ ૫.૧% થી ઘટાડીને ૪.૯% કર્યો છે.

**સબસિડીનો બોજ ઘટશે:** વૈશ્વિક સ્તરે યુરિયાના ભાવ સુધરતાં અને ક્રૂડ સસ્તું થતાં સરકાર પર ખાતર સબસિડીનું નાણાકીય દબાણ ઓછું થશે.

**પુરવઠો સામાન્ય થયો:** યુએસ-ઈરાન કરાર બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલ ટેન્કરોની અવરજવર ફરી શરૂ થઈ છે, જેનાથી ભારતને તેલનો પુરવઠો સરળતાથી મળી રહ્યો છે.

જો કે, બેંકે ભવિષ્યના કેટલાક પડકારો તરફ પણ ઈશારો કર્યો છે. હવામાન વિભાગ દ્વારા આ વર્ષે 'અલ નીનો'ની અસર અને નબળા ચોમાસાની આગાહી કરવામાં આવી છે, જે ગ્રામીણ વિસ્તારોમાં ખરીદી અને માંગ પર વિપરીત અસર પાડી શકે છે. તેમ છતાં, બીજા ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ અગાઉની ધારણા કરતાં ઘણી મજબૂત રહેવાની આશા છે.

# આયાતી દવાઓની શેલ્ફલાઈફ વધારીને 12 મહિના કરવાનો પ્રસ્તાવ

**દવાઓનો** બગાડ અટકાવવા અને સપ્લાય ચેઇન મજબૂત કરવા કેન્દ્ર સરકારે નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો

મુંબઈ, તા. 27: કેન્દ્ર સરકારે દેશમાં આયાત થતી દવાઓ માટે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના નિયમ ૩૧ માં સુધારાનો એક મહત્વપૂર્ણ મુસદ્દો જાહેર કર્યો છે. નવા પ્રસ્તાવ અનુસાર, હવે ભારતમાં આયાત થતી દવાઓ માટે લઘુત્તમ ૧૨ મહિનાની 'શેલ્ફ લાઈફ' (વપરાશની અવધિ) બાકી હોવી ફરજિયાત રહેશે. હાલના નિયમ મુજબ, જે દવાની ૬૦% ઉપયોગી શેલ્ફ લાઈફ બાકી હોય તેને જ આયાત કરવાની મંજૂરી મળે છે. જો કે, જૈવિક ઉત્પાદનો અને રેડિયોફાર્માસ્યુટિકલ્સ માટે ૬૦% વાળો જૂનો નિયમ જ લાગુ રહેશે.

**સુધારાથી થનારા મુખ્ય ફાયદા:**

દવાઓનો બગાડ અટકશે: ટૂંકી શેલ્ફ લાઈફને કારણે ફેંકી દેવી પડતી દવાઓનો બગાડ ઘટશે.

ખર્ચમાં ઘટાડો: સપ્લાય મેનેજમેન્ટ બહેતર થવાથી દવાઓનો ખર્ચ ઘટશે અને ઈન્વેન્ટરીનો યોગ્ય ઉપયોગ થશે.

દર્દીઓને પૂરતો સમય મળશે: એક્સપાયરી ડેટ પહેલા વિતરણ અને વપરાશ માટે પૂરતો સમય મળતાં દર્દીઓને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત દવાઓ મળશે.

# કોવિડના કારણે ના.સુપ્રીમ કોર્ટે લંબાવેલ સમયમર્યાદા GSTની અપીલ માટેની સમયમર્યાદાને પણ લાગુ પડે

નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ... ઈશ્વર રૂદલાલ

કોવિડ-19ની મહામારીને ધ્યાને લઈ, નામદાર સુપ્રિમકોર્ટે આદેશ પસાર કરીને, કોઈ પણ કાયદા હેઠળની કાર્યવાહી કરવાની સમયમર્યાદા લંબાવેલ હતી. આ આદેશનો લાભ GSTની અપીલ કરવા માટેની સમયમર્યાદાને પણ લાગુ પડે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે, ખેર! નામદાર ગુજરાત હાઈકોર્ટના મારવીન એન્ટરપ્રાઈઝ વિ. સ્ટેટ ઓફ ગુજરાત- સ્પે.સી.એપ્લી. નં. 4869/2026ના તા. 9-4-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હક્કીત...**

અરજદારનો માલિકી ધંધો છે. તેમના કેસમાં બોગસ ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ મેળવ્યાના આરોપસર તેમનો રજીસ્ટ્રેશન નંબર 26 કરતો ઓર્ડર તા. 1-1-22ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. ઍજદાર દ્વારા આ આદેશ સામે પ્રથમ અપીલ તા. 6-6-22ના રોજ દાખલ કરવામાં આવેલ હતી. આ પ્રથમ અપીલ GST કાયદાની કલમ 107માં ઠરાવવામાં આવેલ 4 મહિનાની મહત્તમ સમયમર્યાદા બહાર દાખલ કરાયેલ હોવાના કારણસર તા. 19-4-24ના ઓર્ડરથી નામંજૂર કરવામાં આવતા, તે ઓડરને અરજદાર દ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરવામાં આવી.

**દલીલ...**

અરજદારના વિધ્વાન એડવોકેટે જણાવ્યું કે તા. 1-1-22ના આદેશ સામેની પ્રથમ અપીલ તા. 6-6-22ના રોજ દાખલ કરવામાં આવેલ અને અપીલ દાખલ કરવાની મહત્તમ સમયમર્યાદા ગણવામાં આવે તો અપીલ 67 દિવસ મોડી દાખલ કરવામાં આવેલઅને તેથી નામંજૂર કરવામાં આવી હતી. પરંતુ....

નામદાર સુપ્રિમકોર્ટનો તા. 10-1-22નો ઓર્ડર ધ્યાને લેવામાં આવે તો કોવિડ 19ની મહામારીને કારણે તા. 1-1-22થી તા. 28-2-22નો સમયગાળો સમયમર્યાદા નક્કી કરતી વખતે બાકાત કરવાનો અને તેનાં સમર્યનમાં ના. મુંબઈ હાઈકોર્ટના નોવાકર ડ્રગ્સ સ્પેશિયાલીસ્ટ પ્રા.લી.ના ચૂકાદાનો આદાર લેવામાં આવ્યો અને તેથી તા. 6-6-22ના દાખલ કરવામાં આવેલ પ્રથમ અપીલ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ હતી. તો...

**સુરક્ષરશ્રી તરફથી...**

આસી. ગર્વમેન્ટ પ્લીડરે દલીલ કરતા જણાવ્યું કે અપીલ મોડી દાખલ કરવામાં આવેલ હોય તો પછી મા.હાઈકોર્ટને પણ ઢીલ માફ કરવાની સત્તા નથી.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે ના.સુપ્રિમકોર્ટના તા. 10-1-22ના ઓર્ડરમાં સ્પષ્ટપણે સૂચના આપેલ છે કે સામાન્ય કે સ્પેશિયલ કાયદામાં કોઈ પણ સમયમર્યાદા હોય તેમાં તા. 15-3-20થી તા. 28-2-22નો સમયગાળો બાકાત રાખવાનો રહેશે.

આથી આ કેસમાં અપીલ દાખલ કરવાની સમયમર્યાદા તા. 1-3-22થી ગણવાની રહે. આમ આ કેસમાં અપીલ દાખલ કરવા માટેની સમયમર્યાદા તા. 30-6-22ના રોજ પૂરી થાય. અરજદાર દ્વારા તા. 6-6-22ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ હતી. આમ કાયદાની 4 મહિનાની મહત્તમ સમયમર્યાદામાં અપીલ દાખલ કરવામાં આવેલ હતી. અને...

ના.હાઈકોર્ટે આ કેસને એવી સ્પષ્ટ સૂચના સાથે રીમાન્ડ કર્યો, કે કાયદા અનુસાર તા. 31-5-22ની સમયમર્યાદા બાદ તા. 6-6-22ના રોજ અપીલ દાખલ કરેલ હોય, અપીલ દાખલ કરવા 6 દિવસની ઢીલ, તે માફ કરવા અંગે યોગ્ય કારણ જણાય તો, ઢીલ માફ કરીને, ગ્રણદોષ પર અપીલનો, ઓર્ડર મળે 12 મહિનામાં અપીલનો નિર્ણય કરવા ફરમાવ્યું.

# ગૌતમ અદાણી કેસમાં નવો વળાંક

**યુએસ** કોર્ટે કેસ ફગાવવાનો ઈનકાર કરી સરકાર પાસે માંગ્યો જવાબ

નવી દિલ્હી, તા. 27: અમેરિકન ન્યાયાધીશે ન્યાય વિભાગને ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરૂદ્ધ ફોજદારી કેસ પાછા ખેંચવાના તેના નિર્ણયને યોગ્ય ઠેરવવા માટે કારણો આપવા નિર્દેશ આપ્યો હતો. અદાણીના વકીલોની આ કેસને ઔપચારિક રીતે ફગાવી દેવાની વિનંતી પર કોર્ટે ઝડપી ચુકાદો આપવાનો ઈન્કાર કરી દીધો છે.

ફેડરલ પ્રોસીક્યુટર્સે 18મી મેના રોજ જાહેરાત કરી હતી કે તેઓ આ કેસમાં વધુ કાર્યવાહી કરશે નહીં. આ કેસમાં અદાણી પર સિક્યોરિટીઝ છેતરપિંડી અને લાંચ સંદર્ભમાં છેતરપિંડીનો આરોપ હતો.

અદાણીના વકીલોએ બ્રુકલીનના યુએસ ડિસ્ટ્રીક્ટ જજ નિકોલસ ગરાઉફિસને આ કેસને ઔપચાલિક રીતે ફગાવી દેતા જણાવ્યું હતું કે, ન્યાયાધીશે કહ્યું હતું કે, ફરિયાદીની નોટિસમાં આ નિર્ણયનો સંપુર્ણ ખુલાસો આપવામાં આવ્યો નથી.